ઓલેન્ટાન્ગી લાઇસન્સ પ્રાપ્ત શાળા નર્સો તમારું અમારા શાળા જિલ્લામાં સ્વાગત કરે છે. ઓલેન્ટાન્ગી સ્થાનિક શાળાઓ "દરેક વિદ્યાર્થી ને મહત્તમ શિક્ષણની સુવિધા આપવાનો પ્રયત્ન કરે છે." આ મિશનને સમર્થન આપવા માટે, અમે તમામ વિદ્યાર્થીઓના આરોગ્ય અને સલામતીને પ્રોત્સાહન આપવા માટે સમર્પિત છીએ. કૃપા કરીને આરોગ્ય સેવાઓમાંથી નીચેની મહત્વપૂર્ણ માહિતીની સમીક્ષા કરો.

**રસીકરણ માહિતી:**
ઓહિઓ સ્ટેટ લો (કાયદા) ઓ. આર. સી. 3701.13 માટે જરૂરી છે કે તમામ વિદ્યાર્થીઓનો શાળામાં ફાઇલ પર સંપૂર્ણ રસીકરણ રેકોર્ડ હોય, સિવાય કે છૂટ આપવામાં આવે. કૃપા કરીને ઓહિયો ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ ઇમ્યુનાઇઝેશન જરૂરી જણાય તો તેનો સારાંશ જુઓ. શાળા શરૂ કરવાની પહેલા તમારે ચૌદ (૧૪) દિવસની અંદર રસીકરણનો પુરાવો આપવો જરૂરી છે.

**દવા વહીવટ (મેડીકેશન એડમીનીસ્ટ્રેશન):**
પ્રિસ્ક્રિપ્શન અને ઓવર-ધ-કાઉન્ટર દવાઓ

ગ્રેડ K-5ના વિદ્યાર્થીઓ માટે તમામ દવાઓના વહીવટનું સંચાલન કલીનીક દ્વારા કરવું આવશ્યક છે. 3 શાળાના સમય દરમિયાન કોઇપણ દવા (પ્રિસ્ક્રિપ્શન અથવા ઓવર-ધ-કાઉન્ટર) લેવા માટે, નીચેના પગલાંઓનું પાલન કરવું આવશ્યક છે:

1. જો શાળામાં ઇન્હેલરની જરૂર પડશે, તો અસ્થમા એક્શન પ્લાન ચિકિત્સક દ્વારા પૂર્ણ કરવો આવશ્યક છે. જો વિદ્યાર્થીને એપિનેફ્રાઇન ઓટો ઇન્જેક્ટરની જરૂર પડશે, દા. ત. EpiPen અથવા Auvi Q, ફૂડ એલર્જી અને એનાફિલેક્સિસ ઇમરજન્સી કેર પ્લાન પૂર્ણ કરવો આવશ્યક છે. તમામ પ્રિસ્ક્રિપ્શન દવાઓ માટે "ફિઝિશિયન્સ પ્રિસ્ક્રાઇબ્ડ મેડિકેશન/પ્રોસિજર રિક્વેસ્ટ ફોર્મ" ઓફિસમાં ફાઇલમાં હોવું આવશ્યક છે. ઓવર ધ કાઉન્ટર દવા માટે, કૃપા કરીને "માતાપિતાનું બિન-પ્રિસ્ક્રિપ્શન દવા વિનંતી ફોર્મ" ભરો.

2. બધી દવાઓ મૂળ કન્ટેનર (પાત્ર) માં પ્રાપ્ત થવી જોઇએ. કન્ટેનરમાં સાચું નામ, દવા, ડોઝ અને વિતરણ દિશાઓ જણાવવી આવશ્યક છે.

3. યોગ્ય લેબલીંગ વિના શાળામાં મોકલવામાં આવેલી દવાઓ (જેમ કે પ્લાસ્ટિકની થેલીમાં છૂટક ગોળીઓ) આપવામાં આવશે નહીં. જો યોગ્ય ફોર્મ્સ પૂરા ન થાય તો દવા આપવા માટે માતાપિતા/વાલીઓ જવાબદાર રહેશે. તમારા બાળકની દવાની માત્રા શાળા વર્ષ દરમિયાન બદલાઇ જાય, તો કૃપા કરીને શક્ય તેટલી વહેલી તકે શાળાના ક્લિનિકને સૂચિત કરો. તમારા સહકાર બદલ અમે તમારો આભાર માનીએ છીએ.

ગ્રેડ 6-12ના વિદ્યાર્થીઓ માટે પ્રિસ્ક્રિપ્શન દવા વહીવટ ક્લિનિક દ્વારા નિયંત્રિત થવો જોઇએ. જ્યારે "સેલ્ફ-કેરી નોન-પ્રિસ્ક્રિપ્શન દવા વિનંતી ફોર્મ" ફાઇલ પર હોય વિદ્યાર્થી. ઓવર-ધ-કાઉન્ટર દવા લઇ જઇ શકાય છે અને સ્વ-સંચાલિત કરી શકાય છે.

**હેલ્થ સ્ક્રીનીંગ**
ઓહિયો ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થની આવશ્યકતાઓ અને માર્ગદર્શિકા અનુસાર, શાળાની નર્સ સાંભળવામાં અને દેખાવામાં અસાધારણતા શોધવા માટે સમયાંતરે આરોગ્ય તપાસ કરે છે. જ્યારે કોઇ ચિંતા ઊભી થાય ત્યારે આરોગ્ય તપાસ પણ હાથ ધરવામાં આવી શકે છે.

**માંદગી:**
તે મહત્વનું છે કે જો વિદ્યાર્થીઓ હાલમાં માંદગીના લક્ષણો અનુભવી રહ્યા હોય તો તેમને શાળાએ મોકલવામાં ન આવે. જેમાં છેલ્લા 24 કલાકમાં તાવ (100.4°F અથવા તેથી વધુ), ઉલટી, ઝાડા અને/અથવા સતત ઉધરસનો સમાવેશ થાય છે. કોઇ પણ દવાનો લાભ લીધા વિના બાળક 24 કલાક સુધી લક્ષણો-મુક્ત ન થાય ત્યાં સુધી બાળકને ઘરે રાખવાની સલાહ આપવામાં આવે છે. જો તમારું બાળક શાળામાં બીમાર હોય અને તેને ઘરે જવાની જરૂર હોય તો ક્લિનિક સ્ટાફ તમારો સંપર્ક કરશે. કૃપા કરીને તમારા બાળકની ઇમરજન્સી ની સંપર્ક માહિતી વર્તમાન રાખો.

**વિશેષ આરોગ્ય જરૂરિયાતો:**
જો તમારા બાળકને વિશેષ તબીબી જરૂરિયાત અથવા સ્થિતિ હોય, અથવા દરરોજ દવા લઇ રહ્યા હોય, તો કૃપા કરીને તમારી શાળાની નર્સનો સંપર્ક કરો. જો તમારા બાળકને ગંભીર એલર્જી, હુમલા, અસ્થમા, ડાયાબિટીસ વગેરે હોય અથવા શાળામાં વિશેષ સારવારની જરૂર હોય. શાળાની નર્સને જલદી જાણ કરવી જોઇએ. વિશેષ ડાયેટરી પ્રતિબંધો તેમજ એલર્જી વિષે કેફેટરિયન સ્ટાફ તથા મેનેજર અને શિક્ષકોને જાણ કરવી જરૂરી છે.

સમીક્ષા કરી 5/11/2023